# વિના સંશોધન નહીં ઉદ્ધાર

કોઈપણ ક્ષેત્રના વિકાસનો આધાર તે ક્ષેત્રમાં થતાં સંશોધનો પર રહેલો છે. જે ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં સંશોધનો થતાં રહે છે  તે ક્ષેત્રનો વિકાસ વણ થંભ્યો થતો રહે છે. સંશોધનનું મહત્ત્વ સૌ જાણે જ છે. દુનિયાની આજની પરિસ્થિતિ અને વિકાસ ભૂતકાળમાં થયેલાં સંશોધનોને કારણે જ છે. આ બધું આપણે સમજીએ છીએ અને વધુ સમજુ માણસો પોતાના જીવનનો કેટલોક હિસ્સો આ રીતે સંશોધનો કરીને સમાજને સમર્પિત પણ કરે છે. મોટાભાગના ક્ષેત્રોમાં થયેલાં અને થતાં સંશોધનોથી જે તે ક્ષેત્રમાં રસ દાખવનાર વ્યક્તિઓને પૂરો સંતોષ પણ છે. પણ શિક્ષણ ક્ષેત્રે થયેલાં અને થતાં સંશોધનોથી શિક્ષણમાં રસ ધરાવનારને પૂરો સંતોષ નથી. ત્યારે આ ક્ષેત્રમાં વધુમાં વધુ સંશોધનો થાય તે માટે સરકારે પ્રોત્સાહન આપવું જોઇએ અને યુનિવર્સિટીએ તકો ઊભી કરી આપવી જોઇએ.

શિક્ષણમાં પણ અનેક ક્ષેત્રમાં સંશોધનો થઇ શકે. પણ આ બધા ક્ષેત્રો અંગેની વાત અહીં ન કરતાં માત્ર વર્ગખંડ શિક્ષણને જ ધ્યાનમાં રાખીને થોડી ચર્ચા કરી શકાય. આજે જેટલું ધ્યાન શિસ્ત અંગેની સમસ્યા પર આપવામાં આવે છે તેટલું વર્ગખંડ શિક્ષણની સમસ્યા પર આપવામાં આવતું નથી. જો વર્ગખંડ શિક્ષન પ્રત્યે વધુ ધ્યાન આપવામાં આવે તો શિસ્તની કેટલીક સમસ્યાઓ આપમેળે ઉકાલાઇ જશે. વર્ગખંડમાં અપાતું શિક્ષણ અને વર્ગખંડમાં ઊભી થતી સમસ્યાઓ એ વિદ્યાર્થી, વાલી અને શિક્ષક માટે સૌથી અગત્યનું પરિબળ બની રહ્યાં છે, ત્યારે વર્ગખંડની અંદર બનતી ઘટનાઓની જવાબદારી શિક્ષકે કેટલેક અંશે પોતાના શીરે લઇને તે માટે જરૂરી કેટલાંક સંશોધનો કરવા જોઇએ.શિક્ષણ આપવા માટેની પ્રયુકિત અને પદ્ધતિ તેમજ વર્ગખંડમાં ઊભી થતી સમસ્યાઓનો નીવેડો લાવવા માટે શિક્ષકે સતત ચિંતન-મનન કરવું જોઇએ. વર્ગખંડની અંદર આજે પણ શીખવવા માટે અપનાવાતી પદ્ધતિઓ વર્ષો જૂની છે. જેમાં વિદ્યાર્થીઓને રસ પડે છે કે કેમ ? જે તે પદ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય રસિક અને સરળ બને છે કે કેમ? વિદ્યાર્થીઓ કેટલી સરળતાથી શીખી શકે છે? વગેરે જાણ્યા વગર જ શિક્ષકો પોતાને અનુકૂળ આવે તેવી, હાથવગી ઓછી મહેનત કરવી પડે અને અભ્યાસક્રમ પૂરો થાય તેવી પદ્ધતિઓ અપનાવે છે. ખરેખર તો શિક્ષકે સતત પોતાના કાર્યનું મૂલ્યાંકન કરતાં રહીને પોતે જે પ્રયુક્તિ કે પદ્ધતિનો ઉપયોગ કરે છે તે વિદ્યાર્થીઓ માટે કેટલી સરળ, રસિક અને પરિણામદાયી છે તેનું મૂલ્યાંકન કરવું જોઇએ. આ માટે જરૂરી પરિવર્તનો પણ કરવા જોઇએ. તે માટે સાચા અર્થમાં સંશોધન દૃષ્ટિ રાખીને આગળ વધવું જોઇએ. શિક્ષકે પોતાના કાર્યની પ્રયુક્તિ અને પ્રકૃતિમાં અવારનવાર ફેરફાર કરીને તુલના કરતા રહેવું જોઇએ કે પોતાનું કયું કાર્ય વધારે  ફળદાયૂ બની રહ્યું છે? ત્યારબાદ તેનો પ્રસાર કરીને તેનો લાભ અન્ય શાળા-કોલેજો લે તેવા પ્રયત્નો પણ કરવા જોઇએ. જે આજે શાળા-કોલેજોમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં થતું જોવા મળે છે. માટે જ આ ક્ષેત્રે થોડો અસંતોષ ઊભો થયો છે.

વર્ગખંડ શિક્ષણ દરમિયાન શિક્ષક સામે અનેક સમસ્યાઓ આવતી હોય છે. તેમાં ઘણી સમસ્યાઓ

વિદ્યાર્થી પક્ષની હોય છે. જેમકે, વિદ્યાર્થીનું પરિણામ ઓછું આવવું, વિદ્યાર્થીની વર્ગમાં સહભાગીદારિતા ન હોવી, નિયમિત રીતે અનિયમિત આવવું, મારા મારી કરવી વગેરે. આવી સમસ્યાનો ઉકેલ શિક્ષક શિક્ષા દ્વારા જ લાવવાનો પ્રયત્ન કરે છે. જેના ટકાઉ અને સારાં પરિણામ આજદિન સુધી મળ્યાં નથી અને મળશે પણ નહીં. અહીં ખરેખર તો શિક્ષકે સંશોધક બનવાનું છે. જે તે સમસ્યા પાછળના સાચાં કારણો શોધવાના છે અને મળેલાં કારણો પ્રમાણે તેને ઉપાયો નક્કી કરીને તેનો અમલ કરવાનો છે. આમ કરવામાં આવશે તો જ સમસ્યા હલ થશે, નહીં તો થીગડું માર્યા બરાબર થશે. આજે મોટાભાગે થીગડાં જ મારવામાં આવે છે. કેટલાક શિક્ષકો ઉકેલ પણ શોધે છે. પણ તેમની રીત વૈજ્ઞાનિક નહીં હોવાથી કારગત નીવડતી નથી.

આપણે સૌએ એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સમય અને સમસ્યા સતત પરિવર્તનશીલ છે. આજે ઉદ્ભવેલી સમસ્યા કાલે ન પણ હોય અને આવતી કાલે નવી સમસ્યા ઊભી પણ થાય. આ ઉપરાંત એક સમસ્યા માટે સ્થળ, સમય અને વિદ્યાર્થી બદલાય ત્યારે તેના માટેના ઉકેલ પણ બદલાય છે. માટે જ શિક્ષકોએ દરેક વિદ્યાર્થીની દરેક સમસ્યા માટે ઊંડું ચિંતન કરવાની જરૂર છે. માટે જ શિક્ષકનું એક અગત્યનું લક્ષણ એ છે કે શિક્ષક સારો સંશોધનકાર હોવો જોઇએ. આજના શાળા-કોલેજ શિક્ષણમાં વિદ્યાર્થીઓને ડિગ્રીમાં રસ છે અને શિક્ષકોને અભ્યાસક્રમ પૂરો કરવામાં. જેમાં વચ્ચે નડતરરૂપ સમસ્યાઓને ઇરાદાપૂર્વક સ્વીકારીને આગળ વધવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પરિણામ સ્વરૂપ જોઇતું પરિણામ મળતું નથી અને ન જોઇતું પરિણામ મળે તો પણ તેનો હસતાં મોઢે સ્વીકાર કરી લેવામાં આવે છે. આ બાબતે જ શિક્ષણ ક્ષેત્રે ઘણો અસંતોષ ઊભો કર્યો છે.

શિક્ષણ એ એક જીવંત પ્રક્રિયા છે અને જીવંત વ્યક્તિ સાથેની પ્રક્રિયા છે. માટે જ તેમાં ઊભી થતી સમસ્યાઓનો હલ પોતાની માન્યતાથી નહીં પણ સંશોધનની એરણ પર ચકાસાયેલી અને કારગત નીવડેલી માન્યતાથી શોધવો જોઇએ. જે દિવસે મોટાભાગના શિક્ષકો પોતાને નડતી શિક્ષણ સંબંધી સમસ્યાઓનો ઉકેલ વૈજ્ઞાનિક રીતે લાવશે તે દિવસ પછી પ્રાપ્ત થતું પરિણામ ઊંચું અને સારી ગુણવત્તા ધરાવતું હશે. ખાસ એ ધ્યાનમાં રાખવાનું છે કે શિક્ષકે સર્ચ નહીં પણ રિસર્ચ કરવાનું છે. એટલે કે એકવાર કરેલું સંશોધન કે તેના પરિણામો દરેક વખતે દરેક વિદ્યાર્થીને લાગું પડશે તેવું માનવાની જરૂર નથી. શિક્ષકે તો સતત ફરી ફરીને સંશોધન કરતાં રહેવાનું છે. જે શિક્ષક આવું કરશે તે જ સમાજ અને શાળા માટે સારા પરિણામો પ્રાપ્ત કરીને પોતાને માટે ગૌરવ લઇ શકશે. આમ સંશોધન વગર શિક્ષકનો પોતાનો કે વિદ્યાર્થીઓનો ઉદ્ધાર શક્ય નથી. શિક્ષકે ઉદ્ભવેલી સમસ્યાને હલ કરવા માટે સંશોધકની દૃષ્ટિથી કામ કરવું પડશે અને મળેલાં તારણો અન્ય મિત્રોને પણ વહેંચવા પડશે. તો જ શિક્ષણક્ષેત્રે વધુ સંતોષપ્રદ પરિણામો પ્રાપ્ત થશે. ટૂંકમાં સંશોધન વગરનો શિક્ષક અધૂરો છે અને તેનું કાર્ય પણ અધુરૂ છે. તેને શિક્ષણ સુધારણા માટે સતત પ્રયત્નશીલ રહેવું જ પડે અને આ માટે સતત સંશોધનો કરવા જ પડે. આમ વિના સંશોધન નહીં ઉદ્ધાર.